મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૮૮ ટકા
**ગાંધીનગર તાપમાન**

# શહેરમાં સ્વાતંત્ર્ય દિન ધામધૂમથી ઉજવાયો

**શહેરમાં ૭૪માં સ્વાતંત્ર્ય પર્વની વિવિધ સંસ્થા તથા સંગઠનો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. કોરોનાને કારણે આ ઉજવણીમાં મોટે ભાગે ધ્વજવંદન કાર્યક્રમ કરી સાદાઈથી ઉજવણી કરવામાં આવી હતી જયારે કેટલીક સંસ્થાઓ દ્વારા વૃક્ષારોપણ સહિતની કેટલીક પ્રવૃત્તિઓનું આયોજન કરાયું હતું.**

**● હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડ, પાવર પિસ્ટન્સ એન રાઈડર્સ કલબ**

હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડ એસોસિએશન, પાવર પિસ્ટન્સ મોટર સાઈકલ્સ અને ગાંધીનગર રાઈડર્સ કલબ દ્વારા ૩૦ જેટલા



યુવાન રાઈડર્સે મળી સ્વતંત્રતા રાઈડ કરી હતી. ત્યારબાદ દર વર્ષની જેમ પાવર પિસ્ટન્સ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં દરેક રાઈડર્સ પાટનગરને હરીયાળુ બનાવવામાં સહભાગી બન્યા હતા. ઉલ્લેખનીય છે કે દરેક રાઈડર્સ દ્વારા માસ્ક તથા સોશિયલ ડિસ્ટન્સનું ધ્યાન રાખવામાં આવ્યું હતું.

**● સંસ્કાર ગ્રુપના બાળકો દ્વારા ઘરે જ ધ્વજવંદન**



સંસ્કાર ગ્રુપ દ્વારા દરેક તહેવારો અને જુદા જુદા દિવસોની ઉજવણી ઘરે જ રહીને બાળકો, વડીલો તથા પરિવારજનો સાથે રહીને કરવામાં આવી રહી છે. ૧૫મી ઓગસ્ટ નિમિત્તે બાળકો દ્વારા ચિત્રો દોરી, હાથમાં ધ્વજ રાખી દેશ પ્રત્યેની ભાવના વ્યકત કરવામાં આવી હતી.

**● સાંસ્કૃતિ મહિલા પરિવાર**

સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા ઓનલાઈન સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

**● સે-૧૬ પ્રાથમિક શાળા**

૧૫મી ઓગષ્ટના દિવસે સે-૧૬ પ્રાથમિક શાળા ખાતે કાર્યક્રમ



યોજાયો હતો ઉપરાંત પ્રદિપસિંહ વાઘેલા દ્વારા શાળાને ૧૨ જેટલા પંખાનું દાન આપવામાં આવ્યું હતું.

**● જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય**

સેકટર-૭ ખાતેની જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય દ્વારા સ્વતંત્રતા પર્વ નિમિત્તે 'આત્મભારત નિર્ભર' વિષયે ઓનલાઈન નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં પ્રાપ્તિ સુમિતકુમાર વાઘેશ્વરી અને ખુશી જશવંતભાઈ ચૌધરીએ નિબંધ સબમિટ કરાવ્યા હતા.

**● ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી**

૭૪મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે રાયસણ સ્થિત ગુજરાત નેશનલ



લૉ યુનિવર્સિટીના પ્રાંગણમાં કોલેજના ડાયરેકટર ડૉ. સંજેવી શાંથાકુમાર દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

**● આમ આદમી પાર્ટી**

૧૫મી ઓગષ્ટ નિમિત્તે નગરમાં આમ આદમી પાર્ટી દ્વારા



કાર્યાલય ખાતે ધ્વજવંદન તથા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

**● ગરીબ બાળકોને બિસ્કિટ અને માસ્ક વિતરણ**

૭૪મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ગાંધીનગર મહાનગર પાલિકના પૂર્વ મેયર પ્રવિણભાઈ પટેલ તથા ઉનવા ગામના પૂર્વ સરપંચ મહેશભાઈ



પટેલ, હરેશભાઈ પટેલ, અશોકભાઈ બોરસદવાળા દ્વારા સે-૧૯, ૨૦, ૨૧ અને ૩૦માં ગરીબ બાળકોને બિસ્કિટ અને માસ્કનું વિતરણ કરી સફાઈ કામદાર બહેનોને માસ્ક આપી સન્માન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ તમામ સેવા કાર્ય કરતી વખતે માસ્ક પહેરી સોશિયલ ડિસ્ટન્સીંગનું ધ્યાન રાખવામાં આવ્યું હતું.

**● લાયન્સ કલબ ઓફ ગાંધીનગર અને જેસીઆઈ ગાંધીનગર**

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર અને જેસીઆઈ ગાંધીનગર



દ્વારા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે નગરની સે-૨૯ની પ્રાથમિક શાળા નં.૧ ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. ધ્વજવંદન લાયન પ્રમુખ ઉમંગ પંડયા અને જેસીઆઈ પ્રમુખ જે.સી. પદમસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આ દિવસે જરૂરિયાતમંદોને રાશનકિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તથા શાળાના કમ્પાઉન્ડમાં બાળકોને ઉપયોગી થઈ શકે તેવા ફળાઉ વૃક્ષોનું રોપણ કરાયું હતું. આ સમગ્ર કાર્યક્રમ લાયન મયુરસિંહ વાઘેલાના નેતૃત્વ હેઠળ યોજાયો હતો. આ પ્રસંગે બંને કલબના પૂર્વ પ્રમુખો, સભ્યો તથા શાળાનો શિક્ષકગણ ઉપસ્થિત રહ્યો હતો.

**● સરકારી જિલ્લા પુસ્તકાલય, સે-૨૧**

શહેરના સેકટર-૨૧ ખાતેના સરકારી પુસ્તકાલયના પટાંગણમાં



ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના હસ્તે ધ્વજવંદન તથા વૃક્ષારોપણ યોજાયું હતું. આ પ્રસંગે ડૉ.જયરામ દેસાઈ, નરેશ પંડયા, ડૉ. પંકજ ગોસ્વામી, જે.એમ. લેઉવા સહિત સ્ટાફ અને વાચકો ઉપસ્થિત રહ્યા હતા.

**● ચેમ્પસ એકેડેમી, સે-૧૬**

સેકટર-૧૬ ખાતેની ચેમ્પસ એકેડેમી દ્વારા ૭૪મા સ્વાતંત્ર્ય પર્વની



ઈ-ફલેગ હોસ્ટિંગ કરી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એકેડેમીના ડાયરેકટર કેવલ ત્રિવેદીએ ધ્વજવંદન કરાવ્યું હતું. આ પ્રસંગે પોસ્ટર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને દેશભકિતના ગીતોની સ્પર્ધા યોજાઈ હતી.

**● જિલ્લા હોમગાર્ડઝ દળ**

ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ દળ દ્વારા ડૉ. જીવરાજ મહેતા ભવન જુના સચિવાલય ખાતે જિલ્લા કમાન્ડન્ટ વિષ્ણુભાઈ પ્રજાપતિના હસ્તે ધવજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સબ ઈન્સ્પેટર અનિરૂધ્ધસિંહ જાડેજા, સેકન્ડ ઈન કમાન્ડ સી.એમ. પરમાર સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પુરુષ અને મહિલા પ્લાટુને રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

**● જાગૃત વસાહત ફોરમ, સેકટર-૧૪**



સેકટર-૧૪માં ગુપ્તા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા આયોજિત સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં જાગૃત વસાહત ફોરમ જોડાયુ હતું. આ ઉજવણીમાં કેપીટલ ક્રાન્તિના પાર્થ ઠકકર તથા ગાંધી સાહિત્ય સેવા સંસ્થાના ડૉ. ગુલાબચંદ પટેલ અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા.

**● વૃંદાવન ટ્રેડ સેન્ટર**

ગાંધીનગરના કુડાસણ ખાતેના વંદાવન ટ્રેડ સેન્ટર ખાતે સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે આયોજિત રકતદાન શિબિરમાં ૬૨ વર્ષીય હસમુખભાઈ




પટેલે ૭૧મી વાર અને શહેરના સેન્ચુરિયન રકતદાતા સુકેતુ મહેતાએ ૧૪૪મી વાર રકતદાન કર્યું હતું જયારે વત્સલ વોરાએ ૮૫મી વાર રકતદાન કર્યું હતું. આ પ્રસંગે વીટીસીના માલિક વિનોદભાઈ પટેલ, બકાભાઈ પટેલ, નિમેષભાઈ પટેલ અને માનસી પટેલે આયોજનમાં યોગદાન આપ્યું હતું.

**● કોબા ગ્રામ પંચાયત**



કોબા ગામે નવા કોબા પ્રાથમિક શાળામાં આયોજિત સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં સરપંચ યોગેશ નાયીના હસ્તે ધ્વજવંદન યોજાયું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય હસમુખભાઈ પ્રજાપતિ, સ્કૂલ મેનેજમેન્ટ કમિટીના અધ્યક્ષ રામભાઈ પટેલ તથા શિક્ષક ગણ ઉપસ્થિત રહ્યા હતા.

# આર્થિક દાન તો સૌ કોઈ આપે, જીવનદાન આપે તે સૌથી શ્રેષ્ઠ

**ગાંધીનગરના સેકટર-૩ના ૨૪ વર્ષીય યુવાન હર્ષિલ રૂપાલા શહેરના પ્રથમ પ્લાઝમા ડોનર બન્યા : કોરોના મુકત બનેલા દર્દીઓ માટે પ્રેરણારૂપ બનેલો આ યુવાન શહેરમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો છે**




ગાંધીનગર, તા.૧૬

હવે તો કોરોના મહામારીની સ્થિતિ એવી બની ચુકી છે કે સૌ કોઈ જાણે એક જ સવાલ પુછી રહ્યા છે કે કોરોનાની રસી કયારે આવશે? જો કે રસી શોધાય અને તે જન જન સુધી પહોંચે તે પહેલાં તન તન સુધી વ્યાપેલી આ મહામારીને નાથવા અનેક ઉપાયો અજમાવાઈ ચુકયા છે જેમાં વિવિધ દવાઓ ઉપરાંત સારવારની વિવિધ પધ્ધતિઓનો સમાવેશ થાય છે અને આ પૈકી ઘણાં પ્રયાસોમાં વત્તે ઓછે અંશે સફળતા પણ મળી છે. પ્લાઝમા થેરેપી પણ આ પ્રકારની જ એક સારવાર છે જેમાં એકવાર જે વ્યકિતને કોરોના સંક્રમણ લાગુ પડી ચુકયું હોય અને તેમાંથી જો તે હેમખેમ મુકત થઈ ગઈ હોય તેના શરીરમાં કોરોના વાયરસ સામે લડવાના 'એન્ટીબૉડી' બની ચુકયા હોય છે જ લોહીના 'પ્લાઝમા' નામના ઘટકમાં હોય છે. આથી આ વ્યકિતના લોહીમાં રહેલા પ્લાઝમા જો ગંભીર રીતે કોરોનાગ્રસ્ત દર્દીને આપવામાં આવે તો આ વાયરસથી તેનો જીવ બચવાની શકયતા વધી જાય છે. કેમ કે તેના શરીરને કોરોના સામે લડવા રેડીમેડ એન્ટીબૉડી મળી જાય છે. જો કે આપણે ત્યાં હજુ પણ રકતદાન જેવી ખૂબ સામાન્ય છતાં ખૂબ જ અગત્યની સેવા બાબતે પણ જયાં ઘણી બધી ગેરસમજો પ્રવર્તે છે જેના કારણે અનેક સ્વસ્થ અને સખત યુવાનો પણ રકતદાનથી દૂર રહે છે ત્યારે પ્લાઝમા ડોનેશન માટે કોરોનાને મ્હાત આપીને સાજા થયેલા અનેક દર્દીઓ દૂર ભાગી રહ્યા છે. આ સમયે ગાંધીનગરમાં સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો એક માત્ર ચોવીસ વર્ષીય યુવાન હર્ષિલ રૂપાલા સૌ પ્રથમ 'પ્લાઝમા ડોનર' બન્યો છે.

ગાંધીનગરના સેકટર-૩-એમાં રહેતા હર્ષિલ રૂપાલાના માતા મધુબેન રૂપાલાનો ગત જુન માસની તા. ૩૦મીએ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ કારણે બીજા દિવસે ઘરના તમામ સભ્યોના પણ રિપોર્ટ કરાવવામાં આવ્યો જેમાં હર્ષિલ તથા તેની બહેન મૈત્રીનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો જયારે તેના પિતા અને દાદીનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. હર્ષિલ રૂપાલાને એક દિવસ સિવિલ હોસ્પિટલમાં સારવાર અપાયા બાદ પીંપળજ-પીંડારડા ગામ પાસે આવેલ ગોએન્કા હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો જયાંથી ૧૨ દિવસ બાદ તા. ૧૨મી જુલાઈના રોજ તેને કોરોના મુકત જાહેર કરી રજા આપી દેવામાં આવી હતી. આ સાથે તેની માતા અને બહેન પણ કોરોના મુકત થઈ ચુકયા હતા અને લગભગ તા. ૨૬મી જુલાઈ સુધી ત્રણેય હોમ કોરોન્ટાઈન રહ્યા હતા. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી બ્લડ બેંક દ્વારા શહેરમાં આ રીતે કોરોના મુકત થયેલા સ્વસ્થ દર્દીઓને સમજાવી પ્લાઝમા ડોનેશન માટે ફોન કરીને પુછવામાં આવી રહ્યું હતું જેથી તે પ્લાઝમા ગંભીર રીતે કોરોનાગ્રસ્ત બનેલા દર્દીઓના જીવ બચાવવા ઉપયોગમાં લઈ શકાય. આમતો કોરોના મુકત થયેલા દર્દીઓની સંખ્યા સારી એવી છે પરંતુ તેમાં પણ જે દર્દીને બીપી, ડાયાબીટીશ, થાઈરોઈડ, થેલેસેમિયા માઈનોર કે તેવી અન્ય કોઈ બિમારી ના હોય તે દર્દીના પ્લાઝમા જ લેવામાં આવે તેથી કુલ સાજા થયેલા દર્દીઓ પૈકી આવ તદ્દન સ્વસ્થ દર્દીઓની સંખ્યા મર્યાદિત થઈ જાય છે. બ્લડબેંકના કાઉન્સિલર દ્વારા તેની પાસેના આવા તદ્દન સ્વસ્થ દર્દીઓના લિસ્ટ પૈકી અઢાર જેટલાં દર્દીઓને પ્લાઝમા ડોનેશન માટે ફોન કરવામાં આવ્યા પરંતુ કોઈ બહારગામ હતું તો કોઈએ વિચારીને જવાબ આપીશ તેવા પ્રત્યુત્તર આપ્યા હતા. અંતે આ લિસ્ટ પૈકી એક માત્ર હર્ષિલ રૂપાલાએ જ પ્લાઝમા ડોનેશન કરવા હા પાડી અને તા. ૧૫મી ઓગસ્ટ, સ્વાતંત્ર્ય દિને બપોરે તે કાર્ય ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડબેંક ખાતે સંપન્ન કરી દેવામાં આવ્યું.





પ્લાઝમા ડોનેશન માટે બે પધ્ધતિઓ અપનાવાય છે જેમાં એક પધ્ધતિને એફેરેસિસ તરીકે ઓળખવામાં આવે છે જેમાં એક મશીન દ્વારા દોઢેક કલાકની વિધિ થકી પ્લાઝમા મેળવવામાં આવે છે જયારે બીજી પધ્ધતિમાં દર્દીએ માત્ર રકતદાન જ કરવાનું હોય છે અને બ્લડબેંકની લેબોરેટરીમાં તેના લોહીમાંથી પ્લાઝમા જુદા પાડીને ઉપયોગમાં લેવાય છે. એફેરેસિસ પધ્ધતિમાં એક દર્દીના શરીરમાંથી વધુ પ્રમાણમાં પ્લાઝમા મળી શકે છે. જો કે હર્ષિલ દ્વારા રકતદાન કરીને પ્લાઝમા ડોનશન કરવામાં આવ્યું હતુ અને તે સાથે તેઓ ગાંધીનગર શહેરમાં તથા કદાચ જિલ્લામાં પણ પ્લાઝમા ડોનેશન કરનાર પ્રથમ દાતા બની ચુકયા હતા. હર્ષિલ રૂપાલાએ ગણિત વિષય સાથે એમએસસી કરી એન્જિનીયરીંગ પાસ કર્યું છે અને તેઓ લોકડાઉન અગાઉ ખાનગી કલાસીસમાં એન્જિનીયરીંગ અને સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોને ગણિત શિખવતા હતા પરંતુ હવે ગુજરાત મેરીટાઈમ બોર્ડમાં કરાર આધારિત નોકરી કરી રહ્યા છે. પોતાના કોલેજકાળ દરમિયાન હિમાંશુ સોલંકી સહિત અન્ય મિત્રો સાથે મળીને ગાંધીનગરમાં 'હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન' નામની સેવાકીય સંસ્થા શરૂ કરનાર હર્ષિલ રૂપાલા સંસ્થામાં વાઈસ પ્રેસિડેન્ટનું પદ સંભાળી રહ્યા છે. આ સંસ્થા શહેરમાં સરકારી શાળાના બાળકો, વિવિધ દિવ્યાંગતા ધરાવતા સ્પેશિયલ બાળકો અને વૃધ્ધાશ્રમના વડીલોને ખૂબ આનંદ કરાવતી 'થર્ટી ફર્સ્ટ'ની ઉજવણી માટે જાણીતી છે બાળ કલ્યાણ માટે પ્રયત્નશીલ આ સંસ્થાના હર્ષિલ સહિતના સ્વયંસેવકો સેકટર-૫ની એચઆઈવી ગ્રસ્ત બાળકો માટેના સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમના બાળકો સાથે નિયમિત સમય વિતાવે છે, એટલું જ નહીં અત્યાર સુધીમાં ૧૮ વર્ષની વય થતાં સ્પે. ચિલ્ડ્રન્સ હોમમાંથી મુકત કરી દેવાયેલા દસેક બાળકોને નોકરી રોજગાર પણ અપાવી ચુકયા છે કેમકે આ બાળકોથી તેમના પરિવારજનો પણ અંતર રાખતા હોય છે ત્યારે હર્ષિલ અને તેના મિત્રો આ બાળકોને હુંફ પુરી પાડી માનસિક રીતે પડી ભાંગતા બચાવે છે. આ કારણોસર હર્ષિલ રૂપાલા છેલ્લાં આઠ વર્ષથી તેમની દિવાળી પણ આ સ્પેશિયલ બાળકો સાથે ઉજવે છે. વર્ષ ૨૦૧૭માં દિવાળી સમયે 'સ્પ્રેડિંગ સ્માઈલ્સ પ્રોજેકટ' અંતર્ગત શહેરની અન્ય સંસ્થાઓ જેમ કે ગૂંજ ફાઉન્ડેશન, સ્કાય ગૃપ, આપણું ફાઉન્ડેશન અને હેપ્પી યુથ કલબ સાથે મળીને જુના કપડાં એકત્રિકરણ કરીને મિઠાઈ સાથે શહેરભરના જરૂરિયાતમંદોને વહેંચવામાં સામેલ હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશનના હર્ષિલ રૂપાલા માને છે કે 'કોરોનાથી કોઈએ ડરવાની જરૂર નથી બલ્કે સકારાત્મકતાથી તેનો સામનો કરવાની જરૂર છે અને દરેક સ્વસ્થ થયેલા કોરોના દર્દીએ પ્લાઝમા ડોનેટ કરવું જોઈએ કેમ કે આર્થિક દાન તો સૌ કોઈ આપે પરંતુ જે જીવનદાન આપે તે જ સૌથી શ્રેષ્ઠ છે.'

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com

## પ્રાંતિયાથી ૭ જુગારી પકડાયા

ડભોડા પોલીસના જવાનો પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે અજમેરસિંહ ભવાનસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે પ્રાંતિયા ગામે હાંટડીયા વાસમાં જુગાર રમાય છે. જેથી પોલીસે સ્થળ પર રેઈડ પાડીને રૂમાલજી ઉર્ફે મુન્નો કેશાજી ઠાકોર, હરીશ રામજીભાઈ પરમાર, હિતેષ કાંતિભાઈ પટેલ, રાજેશ પ્રતાપભાઈ ઠાકોર, રાકેશ કાળાજી ઠાકોર, દિપાજી બાદરજી ઠાકોર, જુહાજી શંકાજી ઠાકોર તેમજ હિતેન્દ્ર મુકેશ પરમારને પકડી દાવ પરથી રૂ.૩૦૦ અને અંગજડતી દરમિયાન રૂ.૧૬,૪૧૦ મળીને કુલ રૂ.૧૬,૭૧૦નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચિરવિદાય

**તા. ૧૬-૮-૨૦૨૦**

- સ્વ. ઠાકોર ગાંડાજી નાથાજી, ઉ.વ. ૭૦, મુ. રાંધેજા, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર અંબાલાલ મોતીજી, ઉ.વ. ૬૩, મુ. પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. કુલદીપકૌર સહાની, ઉ.વ. ૮૧, સેકટર-૨૯, ગાંધીનગર
- સ્વ. ગૌતમકુમાર જયંતિલાલ પંડયા, ઉ.વ. ૫૧, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. કલાબેન ધીમંતકુમાર વોરા, ઉ.વ. ૭૫, સેકટર-૭, ગાંધીનગર

**તા. ૧૫-૮-૨૦૨૦**

- સ્વ. બજાણીયા દેવાભાઈ રમેશભાઈ, ઉ.વ. ૪૧, વિરમગામ, જી. અમદાવાદ
- સ્વ. પ્રજાપતિ નર્મદાબેન નરસિંહભાઈ, મુ. સોનીપુર, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર સવાજી ભુલાજી, ઉ.વ. ૫૦, મુ.ચિલોડા મોટા, તા. ગાંધીનગર
- સ્વ. વાઘેલા રૂખીબેન રામચંદ્રભાઈ, ઉ.વ. ૭૭, સેકટર-૧૩, છાપરાં